# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્વિસ રાષ્ટ્રપતિ ગાય પાર્મેલિન વચ્ચે આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય બેઠક.

2) કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીની અધ્યક્ષતામાં ગુજરાતના એકતા નગર ખાતે આજથી માર્ગ પરિવહન મંત્રાલયની બે દિવસીય ચિંતન શિબિર યોજાશે.

3) કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ આજે આસામના દિબ્રુગઢથી પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્ગો જહાજને લીલી ઝંડી આપશે.

4) ડૉ. જીતેન્દ્ર સિંહ નવી દિલ્હીમાં 17મી પેન્શન અદાલતની અધ્યક્ષતા કરશે.

5) BWF વર્લ્ડ જુનિયર બેડમિન્ટન સ્પર્ધામા ભારતીય ટીમ કૈરોમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM - SWISS PREZ TALKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્વિત્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ ગાય પાર્મેલિન આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષીય બેઠક યોજશે. રાષ્ટ્રપતિ પાર્મેલિન વરિષ્ઠ અધિકારીઓ અને અગ્રણી ઉદ્યોગપતિઓના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સાથે ભારતની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે આવી રહ્યા છે.

પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ પાર્મેલિન વેપાર અને રોકાણ, વિજ્ઞાન, ટેકનોલોજી અને ઇનોવેશન, ગતિશીલતા, સંસ્કૃતિ તેમજ પરસ્પર લોકસંપર્ક સહિતના વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની પ્રગતિની સમીક્ષા કરશે.

બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક પ્રવાહો તેમજ બહુપક્ષીય મંચો પર પરસ્પર સહયોગ અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે. રાષ્ટ્રપતિ પાર્મેલિન આજે સાંજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે.

સાંભળીએ એક અહેવાલ..

**VC ANAND**

# EKTANAGAR CHINTAN SHIBIR

ગુજરાતના એકતા નગર ખાતે આજથી માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની બે દિવસીય ચિંતન શિબિર યોજાશે, જેમાં દેશમાં ધોરીમાર્ગ માળખાના વિકાસ અંગેના મુખ્ય મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કરવા માટે કેન્દ્ર, રાજ્યો અને અમલીકરણ એજન્સીઓના વરિષ્ઠ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.

આજે ઉદ્ઘાટન સત્રમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી અને રાજ્ય કક્ષાના મંત્રી અજય ટમટા અને હર્ષ મલ્હોત્રાના સંબોધન કરશે. બે દિવસીય પરિષદ હાઇવે ક્ષેત્રે પ્રોજેક્ટ ડિલિવરી, ગુણવત્તા, સુરક્ષા અને કાર્યક્ષમતામાં સુધારો લાવવા માટે નીતિગત અને સંસ્થાકીય હસ્તક્ષેપ સાથે મુખ્ય અમલીકરણ પડકારોની ઓળખ કરવા અને નવીન તથા પુનરાવર્તિત કરી શકાય તેવા અભિગમો પર વિચાર-વિમર્શ કરાશે.

# SONOWAL-CARGO VOYAGE

કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ આજે આસામના દિબ્રુગઢથી પ્રથમ આંતરરાષ્ટ્રીય કાર્ગો જહાજ પ્રવાસને લીલી ઝંડી આપશે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા પણ બોગીબીલ ટર્મિનલ પર યોજાનાર સમારોહમાં વર્ચ્યુઅલી હાજરી આપશે.

આ પ્રથમ પ્રવાસ આસામ પેટ્રો-કેમિકલ લિમિટેડના મિથેનોલને લઈને બોગીબીલથી બાંગ્લાદેશના ઢાકામાં આવેલા પંગાઓન બંદર માટે રવાના થશે. આ પરિવહન બ્રહ્મપુત્રા નદી પરના રાષ્ટ્રીય જળમાર્ગ-2 અને ભારત-બાંગ્લાદેશ પ્રોટોકોલ રૂટનો ઉપયોગ કરશે.

આઝાદી પછી દિબ્રુગઢથી વિદેશી બંદર સુધી મોકલવામાં આવનાર આ પ્રથમ માલસામાનનો જથ્થો છે. જે આસામના નદી વેપારને પુનર્જીવિત કરવા અને ઉત્તરપૂર્વમાં આંતરિક જળમાર્ગ જોડાણને મજબૂત બનાવવા માટે એક મોટું પગલું દર્શાવે છે.

# INDIA - CANADA CEPA

ભારત અને કેનેડા આજે ઓટાવા ખાતે તેમના પ્રસ્તાવિત વ્યાપક આર્થિક ભાગીદારી કરાર માટે પાંચમા તબક્કાની વાટાઘાટો શરૂ કરશે, બંને પક્ષો 2026ના અંત સુધીમાં આ વેપાર કરારને પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખે છે. આ પાંચ દિવસીય વાટાઘાટો 9 ઓકટોબર સુધી ચાલશે. અગાઉનો તબક્કો ગયા મહિનાની 18 તારીખે નવી દિલ્હીમાં પૂરો થયો હતો.

આ વર્ષે માર્ચમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે એક વ્યાપક વેપાર માળખું ભાગીદારી માટે ટકાઉ આર્થિક આધાર તરીકે કામ કરશે અને 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને 4.65 લાખ કરોડ રૂપિયા સુધી વિસ્તારવાની સહિયારી આકાંક્ષાને ટેકો આપશે.

2024-25માં ભારત-કેનેડા વચ્ચેનો દ્વિપક્ષીય વસ્તુઓનો વેપાર 7.19 લાખ કરોડ રૂપિયા રહ્યો હતો. જ્યારે કેનેડામાં ભારતની નિકાસ 3.50 લાખ કરોડ રૂપિયા પહોંચી હતી.

# FLYDUBAI INCIDENT

ઇટાલિયન અખબાર 'કોરિઅર ડેલા સેરા' ના અહેવાલ મુજબ ફ્લાયદુબઈ ફ્લાઇટના ઓમાની કો-પાયલટે હાઇજેકનો પ્રયાસ નિષ્ફળ નિવડતા વિમાનને સાઉદી અરેબિયાના રણમાં ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો. ઓમાની કો-પાયલટે વિમાન પર નિયંત્રણ મેળવવા અને ઇઝરાયેલના તેલ અવીવમાં આવેલી એક ઇમારત સાથે તેને અથડાવી દેવાના હેતુથી ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કર્યો હતો.

આ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, અલ-હમ્મામીની મૂળ યોજના કેપ્ટન સ્મિત મચ્છરની હત્યા કરીને વિમાનને તેલ અવીવ લઈ જઇ તેને શહેરની ગગનચુંબી ઇમારતો સાથે અથડાવી દેવાની હતી.

હમ્મામીએ વિમાનને રણમાં ક્રેશ કરવાનો પ્રયાસ કરીને ઓટોપાયલટ સિસ્ટમ બંધ કરી દીધી અને કંટ્રોલ સ્ટિકને આગળ ધકેલી દીધી. જેના કારણે માત્ર ૩૦ સેકન્ડની અંદર વિમાને 16 હજાર ફૂટની ઊંચાઈ ગુમાવી દીધી અને તે જમીન સાથે અથડાવા તરફ આગળ વધી રહ્યું હતું.

આ દરમિયાન, વ્ય યાનિવ હાયૌન નામના મુસાફરે વિમાનને નીચે જતું અટકાવ્યું. ત્યારબાદ, મુસાફરી કરી રહેલા અન્ય બે ઓફ-ડ્યુટી પાયલટે વિમાનનું નિયંત્રણ સંભાળ્યું અને વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ કરાવ્યું હતું. ઇઝરાયલે આ ઘટનાને આતંકવાદી હુમલો ગણાવી તપાસ શરૂ કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# JITENDRA SINGH - PENSION ADALAT

જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રી ડૉ.જીતેન્દ્ર સિંહ આજે નવી દિલ્હીમાં 17મી પેન્શન અદાલતની અધ્યક્ષતા કરશે. આ અદાલતમાં 897 જેટલી વરિષ્ઠ પેન્શનરો અને ફેમિલી પેન્શનરોની લાંબા સમયથી પડતર ફરિયાદોનું નિરાકરણ લવાશે

ડૉ. સિંહ આ વર્ષે 13મી મેના રોજ યોજાયેલી 16મી પેન્શન અદાલતની સફળતાની ગાથાઓ દર્શાવતી પત્રિકાઓ પ્રસિધ્ધ કરશે. આ પ્રસંગે ફેમિલી પેન્શનરોના પ્રશ્નો અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો ધરાવતી એક પુસ્તિકાનું પણ વિમોચન થશે.

પેન્શન અદાલતો અત્યાર સુધીમા 28 હજાર 797 ફરિયાદોમાંથી 20 હજાર 676 ફરિયાદોનુ સ્થળ પર નિરાકરણ કરવામા આવ્યુ છે.

# WB - FOUR NEW AIRPORTS

પશ્ચિમ બંગાળ હવાઈ જોડાણને મજબૂત કરવા તરફ એક મોટું પગલું ભરવા જઈ રહ્યું છે. જેમાં રાજ્ય સરકાર ચાર નવા એરપોર્ટના નિર્માણ માટે આજે કેન્દ્ર સરકાર સાથે MoU પર હસ્તાક્ષર કરશે. આ કરાર કોલકાતા ખાતે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુ, મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિઓની હાજરીમાં કરવામાં આવશે.

કેન્દ્રની પ્રાદેશિક જોડાણ યોજના હેઠળ પ્રસ્તાવિત એરપોર્ટ પુરુલિયાના ચારરા, પશ્ચિમ મેદિનીપુરના કલાઈકુંડા, દક્ષિણ દિનાજપુરના બાલુરઘાટ અને અલીપુરદ્વારના હાસિમારા ખાતે બનાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ્સથી રાજ્યભરમાં હવાઈ જોડાણમાં સુધારો થવાની સાથે પ્રાદેશિક આર્થિક પ્રવૃત્તિઓ, રોકાણ અને પ્રવાસનને વેગ મળવાની તેમજ રોજગારીની નવી તકો ઊભી થવાની અપેક્ષા છે.

# PREZ-ASIAN GAMES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એશિયન ગેમ્સ 2026 માં ભારતીય રમતવીરોને અને ખાસ મહિલા રમતવીરોને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા છે.

એક્સ (X) પરની એક પોસ્ટમાં રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે, દેશને ભારતીય ટીમના દરેક સભ્ય પર ગર્વ છે જેમણે સંપૂર્ણ સમર્પણ અને પ્રતિબદ્ધતા સાથે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે.

તેમણે તમામ ખેલાડીઓને તેમની રમતગમતની યાત્રામાં સતત સફળતા અને ઘણી વધુ સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ પણ પાઠવી. સાથે જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ભારતીય ટીમને તેમની નોંધપાત્ર સફળતા બદલ અભિનંદન પાઠવ્યા છે.

# BADMINTON-WORLD JN MIXED TEAM C'SHIP

ભારતીય બેડમિન્ટન ટીમ આજે ઇજિપ્તના કૈરોમાં યોજાનારી BWF વર્લ્ડ જુનિયર મિક્સ્ડ ટીમ ચેમ્પિયનશિપમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે.

આ વર્ષે ભારતીય ટીમનું નેતૃત્વ તન્વી પત્રી કરી રહી છે, જેમણે હાલમા બેડમિન્ટન એશિયા જુનિયર ચેમ્પિયનશિપમાં અંડર-17 ગર્લ્સ સિંગલ્સનો ખિતાબ જીત્યો છે.

ભારતને પેરુ અને અલ્જીરિયાની સાથે ગ્રુપ D1માં રાખવામાં આવ્યું છે. ભારતીય ટીમ આજે અલ્જીરિયા સામે અને આવતીકાલે પેરુ સામે મેચ રમશે.

10 ઓક્ટોબરે કૈરોમાં પૂરી થનાર આ સ્પર્ધામા 47 ટીમો ભાગ લઈ રહી છે. આ મિશ્ર ટીમ ચેમ્પિયનશિપ પછી વ્યક્તિગત BWF વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપ આ મહિનાની 11થી 17મી તારીખ સુધી કૈરોમા જ રમાશે.

# FOOTBALL-IFA SHIELD

ફૂટબોલમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન મોહુન બાગાન સુપર જાયન્ટે કોલકાતામાં IFA શીલ્ડ 2026 સેમિફાઇનલમાં પંજાબ એફસીને પેનલ્ટી શૂટઆઉટમાં 4-3થી હરાવીને ફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરી લીધુ છે.

મોહુન બાગાનના ગોલકીપર વિશાલ કૈથે બે પેનલ્ટી બચાવીને પોતાની ટીમને જીત અપાવી હતી.

હવે ફાઇનલમાં મોહુન બાગાનનો સામનો ઇસ્ટ બંગાળ અને નોર્થઇસ્ટ યુનાઇટેડ વચ્ચેની સેમિફાઇનલના વિજેતા સાથે થશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબરોમાં અલગ અલગ સમાચાર પહેલાં પેજ પર છપાયા છે.
- સંદેશ લખે છે કે, પનીર-દૂધ બાદ સપ્લીમેન્ટ્સ પર FDAની નજર.
- ગુજરાત સમાચાર લખે છે કે, GST અધિકારીઓ હવે ધરપકડ નહીં કરી શકે - વેપારીઓને રાહત.
- દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે, પાકિસ્તાનમાં ઈમરાનની મુક્તિ માટે માર્ચ; 2 હજારની ધરપકડ, સંસદ-હાઇવે સીલ.
- ફૂલછાબ લખે છે કે, જ્ઞાનેશ સામે કેરળની કોંગ્રેસ સરકારનો તપાસનો આદેશ.
- અને નવગુજરાત સમય લખે છે કે, રશિયાએ સદૈવ ભારત સાથે મિત્રતા નિભાવી છે: જયશંકર.
- સ્થાનિક સમાચારોમાં સરકાર તરફથી કોઈ સત્તાવાર ખાતરી નહીં મળતાં વકીલોની હડતાળ યથાવત્, મહેસૂલ કર્મચારીઓએ આંદોલનનું શસ્ત્ર ઊગમ્યું - આજે માસ CL પર, નર્મદાના વિકલ્પ તરીકે સાબરમતી નદીમાં નવા ફ્રેંચવેલ બનાવવા સર્વે કરાશે, ટેકાના ભાવે ખરીદીનું રજીસ્ટ્રેશન 24 ઓકટોબર સુધી લંબાવાયું, ખેડા રેલવે સ્ટેશન પર 4 કરોડની કિંમતના 2.90 કોળી સોનાની લૂંટ, ગરમીમાં વધારો - 9 શહેરમાં 35 ડિગ્રીથી વધુ તાપમાન જેવા સમાચાર વાંચવા મળી રહયા છે.